
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત
ગરવી ગુજરાત
ભારતીય જ્ઞાન-સાહિત્ય-સંસ્કૃતિ-સમાચારનું
પશ્ચિમી જગતનું અગ્રણી સાપ્તાહિક
MYSTIC INDIA
an incredible journey of inspiration
મિસ્ટીક ઇંડિયા
ગરવી ગુજરાત
GARAVI GUJARAT
Vol.38 No.1814 18th-24th June 2005
U.K. 70 Pence
GG2 Inside





# લંડનમાં નીલકંઠવર્ણીની દબદબાભરી પધરામણી : પ્રિન્સ ચાર્લ્સે વધાવ્યા

## ■ મિસ્ટીક ઇંડિયા

BAPS બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ તૈયાર કરેલી અદભુત ફિલ્મ મિસ્ટીક ઇંડિયાનો રોયલ વર્લ્ડ ચેરીટી પ્રિમિયર શો લંડનના સાયન્સ મ્યુઝિયમમાં ૭મી જૂને મંગળવારે થયો ત્યારે પ્રિન્સ ચાર્લ્સ એમના પત્ની ડચેસ ઓફ કોર્નવોલ સાથે અતિથિવિશેષ હતા. શો માટે મ્યુઝિયમના પ્રાંગણમાં લાંબી લાઇન હતી. જેમાં લંડનમાંના અગ્રણી ઇંડિયનો, ઇંગ્લીશ કોર્પોરેટ કંપનીઓના વડાઓ, પાર્લામેન્ટના સભ્યો, મિનીસ્ટરો નીલકંઠવર્ણીને વધાવવા શાંતિથી પોતાના સ્થાને ઉભા હતા. સિક્યોરીટીને કારણે જણાવાયા કરતાં મોડું થયું. મ્યુઝિયમના ફેન્સીંગ પણ ફુલો વડે સુશોભિત કરાયા હતા. કોઇ ઇંડિયન ઉત્સવ થઇ રહ્યો છે એવી પ્રતીતિ ત્યાંથી પસાર થતા નાગરિકોને થતી હતી.

પ્રવેશ વેળા પણ સ્વયંસેવક ભાઇબેનો ખૂબ પ્રેમ અને આદરથી આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરતા હતા. ગૃપ દીઠ સ્વયંસેવકો - સ્વયંસેવિકાઓ ફાળવાયા હતા. જેઓ મહેમાનોની સાથે રહીને તેમની બેઠક સુધી લઇ જવામાં વ્યસ્ત હતા. પ્રવેશદ્વારથી મ્યુઝિયમના આઇમેક્સ સિનેમાના ઓડીટોરિયમ સુધી પહોંચવાનો માર્ગ સારો એવો લાંબો તથા ચઢાણ-ઉતરાણ વાળો હતો. મ્યુઝિયમના વિશાળ તોતીંગ યંત્રો નીલકંઠવર્ણીના કાળ વેળા ઇંગ્લેંડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિના ઇતિહાસને નજર સમક્ષ રજૂ કરતા હતા. મશીનો વચ્ચેના અંતરને મંદિરના સ્વયં સેવકોએ ભારતીય મૂર્તિઓ તથા સુશોભનો, રંગોળી અને પુષ્પોના શણગાર, નૃત્ય કરતી કન્યાઓ ભારતીય સંસ્કૃતિની કલાની ઝાંખી કરાવતી હતી. મહેમાનોની સરભરા માટે શીતળ જળ તથા ઠંડા પીણાની વ્યવસ્થા કરી હતી.

આ ભવ્ય શોના કો-સ્પોન્સર લંડનના મેયર કેન લીવીંગસ્ટન હતા. તે પણ ભારે ઉત્સાહમાં જણાતા હતા.

ઓડીટોરિયમમાં પોતાની બેઠક સહુએ લેતાં પ્રિન્સ ચાર્લ્સ ડચેસ સાથે પધાર્યાં ત્યારે સહુએ ઊભા થઇને એમનો આદર સત્કાર કર્યો હતો. તેમણે ડચેસ સાથે બેઠક લીધી. તેમની બાજુમાં લંડન ખાતેના ઇંડિયન હાઇ કમિશનર કમલેશ શર્મા તેમના પત્ની સાથે બિરાજ્યા હતા.

સમારંભના પ્રારંભે એક વક્તાએ પ્રિન્સ, ડચેસ તથા મહેમાનોનું સ્વાગત કરી મિસ્ટીક ઇંડિયા ફિલ્મની આખી રૂપરેખા આપી. બીજા વક્તાએ BAPS સંસ્થા વિષે માહિતી આપી. પ્રિન્સ ચાર્લ્સનું પ્રિન્સસ ટ્રસ્ટ બ્રિટનના યુવાનોને વ્યવસાયમાં સ્થાયી કરવા માટે આર્થિક સહાય અને જાણકારી આપે છે. એમના ટ્રસ્ટ વિષે તથા ટ્રસ્ટની સહાય વડે બીઝનેસમાં સફળ થયેલા એક યુવકે પોતાની માહિતી આપી હતી.

પ્રિન્સસ ટ્રસ્ટ સાથે મળીને ભારતમાં એવું જ કાર્ય કરી રહેલી સંસ્થા ભારતીય યુવા શક્તિ ટ્રસ્ટ અંગે રજૂઆત થઇ હતી.

તે બાદ મિસ્ટીક ઇંડિયા ફિલ્મ વિશાળ સ્ક્રીન પર રજૂ થઇ હતી. ૧૧ વર્ષની કુમળી વયે નીલકંઠ મહાભિનીષ્ક્રમણ કરે છે. ૭ વર્ષ સતત એકધારા પ્રવાસમાં સમગ્ર ભારતમાં વિચરણ કરે છે. ખુલ્લા પગે ૮૦૦૦ માઇલનું અંતર કાપે છે. આ એમની જીવનયાત્રા બની રહે છે. એમને વિવિધ પ્રકારના લોકો સંતો મળે છે. હિમાચ્છાદિત હિમાલય, નદી, નાળા, ઘુઘવતા સાગર અને જંગલોમાં પણ એ બાળક નિર્ભય થઇને ફરે છે. ક્યાં ય વિચલિત થતો નથી. જરા ય ગભરાતો નથી. અંતે રામાનંદ સ્વામીને મળે છે. એમની પાસે દીક્ષા લે છે અને ફિલ્મનો અંત આવે છે. એ નીલકંઠ તે જ સહજાનંદ સ્વામી મહારાજ. ભગવાન સ્વામિનારાયણ નીલકંઠને મળેલો અનુભવ ભગવાન સ્વામિનારાયણને ગુજરાતમાં સમાજના તે કાળના દૂષણો, અંધશ્રધ્ધા વગેરે દૂર કરવામાં ઉપયોગી થયો. ૧૭મી જૂને ભગવાન સ્વામિનારાયણ સ્વધામ પધારે છે. જેને ૧૭૫ વર્ષ થયા.



ફિલ્મ પૂરી થયા બાદ પ્રિન્સ અને ડચેસ પ્રથમ ઓડીટોરિયમમાંથી બહાર નીકળ્યા. મ્યુઝિયમના સભાગૃહ અને કેન્ટીન વિસ્તારમાં મહેમાનો ભેગાં થયાં. ત્યાં પ્રિન્સ અને ડચેસને મંદિર તરફથી સ્મૃતિ ચિન્હો અપાયા. પ્રિન્સ ચાર્લ્સે પોતાના પ્રવચનમાં ફિલ્મની પ્રશંસા કરી. BAPS સંસ્થાની સેવાની પ્રવૃત્તિઓ માટે અભિનંદન આપ્યા. BAPSના વડા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને તેઓ મળ્યા હતા તેના સંસ્મરણો તાજાં કરીને એમને અદભુત સેવાને અંજલિ અર્પી. ભારત માટેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો અને પોતે ડચેસ સાથે ભારતની યાત્રાએ જશે એમ જણાવ્યું.

પ્રિન્સ ચાર્લ્સ અને ડચેસ મહેમાનોને વ્યક્તિગત મળતા હતા. આનંદપૂર્વક વાતો કરતા હતા. ગરવી ગુજરાત ગૃપના અગ્રણીઓ પણ એમને મળ્યા હતા તથા વાતો કરી હતી. સંસ્મરણો તાજા કર્યા હતા.

કેન્ટીન વિભાગમાં મહેમાનોને થાળ














અવગણના કરવાને બદલે સમગ્ર દુનિયાએ ભારત પાસેથી તેના પાઠ ભણવા જોઇએ. ભારત એકમાત્ર એવો દેશ છે જે પરંપરાની સાથે સાથે આધુનિક ટેક્નોલોજીનો સમન્વય સાધી શકે તેમ છે. મોડર્નીટી અને ટ્રેડીશન બંને જાળવી શકે તેમ છે કારણ કે ભારત પાસે પ્રાચીન જ્ઞાનનો વારસો છે. તેના દ્વારા જ આપણા પૌત્ર-પ્રપૌત્ર અને માનવજાતિનું અસ્તિત્વ ટકી શકશે.

આ પ્રસંગે લંડનના મેયર કેન લીવીંગસ્ટન પણ ઉપસ્થિત હતા. તેમણે કહ્યું હતું કે તેઓ બ્રેન્ટના એમપી પણ રહી ચૂક્યા છે અને બ્રેન્ટમાં નીઝડન ખાતે ભારત બહારનું સૌથી મોટું હિંદુ મંદિર હોવા અંગે તેમને ખૂબ ગર્વની લાગણી છે. સ્વામિનારાયણ મંદિરના પ્રવેશદ્વાર સમાન નીઝડન સ્ટેશનને સુધારવા માટે તેઓ પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ૭.૨ મિલિયન લોકોની વસ્તી ધરાવતા લંડન શહેરમાં અડધા મિલિયન જેટલા લોકો ભારતીય છે. ભારત અને બ્રિટન વચ્ચેની લીંક વધુને વધુ મજબૂત બની રહી છે. મિસ્ટીક ઇંડિયા જેવી ફિલ્મને લીધે બ્રિટનમાં હિંદુ ધર્મ અને ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાય અંગે ઘણી વધુ જાગૃતિ ફેલાશે.



*લંડનના મેયર કેન લીવીંગસ્ટન*

## લંડનમાં મિસ્ટીક ઇંડિયાનો જાદુ

લંડનમાં સાયન્સ મ્યુઝિયમના આઇમેક્સ થિયેટર ખાતે ૭મી જૂને વાતાવરણ ભગવાન સ્વામિનારાયણમય બની ગયું હતું. અવસર હતો મિસ્ટીક ઇંડિયા ફિલ્મના વર્લ્ડ ચેરીટી પ્રીમીયરનો. ૧૮મી સદીના ભારતનું ચિત્ર રજૂ કરતી આ ફિલ્મમાં નીલકંઠ નામના ૧૧ વર્ષના એક બાળ યોગીની ૮૦૦૦ માઇલની યાત્રાની કહાની છે. ખુલ્લા પગે સાત વર્ષ સુધી ફરનાર એ બાળકના પ્રવાસ દ્વારા ભારતના વિશાળ ફલક, તેની ગ્રામીણ સંસ્કૃતિ, પ્રજાજનો અને સ્વામિનારાયણ સંપ્રદાયની કહાની ખૂબ આકર્ષક રીતે આ ફિલ્મમાં રજૂ કરાઇ છે. વિશ્વભરમાં જુદી જુદી ભાષાઓમાં રજૂ કરાયેલી આ ફિલ્મ ધૂમ મચાવી રહી છે.

ફિલ્મનો મુખ્ય સંદેશ યુનિટી ઇન ડાયવર્સીટી છે. આપણે સૌ એક આકાશ નીચે વસીએ છીએ, એક ધરતી પર ડગ માંડીએ છીએ, એક જ હવામાં શ્વાસ લઇએ છીએ તેથી આપણે સૌ પરિવારજનો જ છીએ. ફિલ્મની રજૂઆત વેળા વિવિધતામાં એકતાનો આ સંદેશ રજૂ કરવા માટે દુનિયાના જુદા જુદા દેશોના ૫૦થી વધુ બાળકો પોતપોતાના દેશના નેશનલ કોસ્ચ્યુમ પહેરીને રાષ્ટ્રધ્વજ ફરકાવતા આવ્યા ત્યારે સૌ ઉત્સાહમય જણાયા હતા. પ્રિન્સ ચાર્લ્સ, ડચેસ ઓફ કોર્નવોલ કમીલા, મેયર કેન લીવીંગસ્ટન, રોવન એટકીન્સન, રાઘવ, સંજીવ ભાષ્કર, મીરા સાયલ, પ્રિયા કાલિદાસ, હાઈ કમિશનર કમલેશ શર્મા, લંડન ખાતેના ભારતના ભૂતપૂર્વ હાઇ કમિશનર ડો. એલ. એમ. સીંઘવી તથા બીજા અનેક મહાનુભાવો આ ફિલ્મ નિહાળવા પધાર્યા હતા. આ પ્રીમીયર ભારતીય યુવા શકિત ટ્રસ્ટને મદદ માટે યોજાયું હતું. બીવાયએસટી સક્રિયપણે પ્રિન્સ ચાર્લ્સ ટ્રસ્ટ સાથે કાર્યરત સંસ્થા છે. મિસ્ટીક ઇંડિયા ફિલ્મ જોઇને સૌ મહાનુભાવો અભિભૂત થઇ ગયા હતા. પ્રિન્સ ચાર્લ્સે કહ્યું હતું કે ભારત કેટલો મહાન દેશ છે તેનો સુંદર પરિચય આ ફિલ્મ કરાવે છે.

## નીલકંઠનું ભારત

મિસ્ટીક ઇંડિયા એ અતિ વિશાળ ફલક પર બનેલી આ પ્રકારની પ્રથમ કહેવાય તેવી ફિલ્મ છે. કોઇ મહાકાવ્ય સમાન પીરીયડ ફિલ્મ છે જે દર્શકોને ૧૮મી સદીના ભારતમાં લઇ જાય છે. ૧૧ વર્ષનો બાળ યોગી નીલકંઠ સાત વર્ષ સુધી ખુલ્લા પગે ભારતના ખૂણે ખૂણે ફરી વળે છે. તેની નજરે એક નવું જ ભારત અને નવા રહસ્યો રજૂ થાય છે. ૨૯ જૂન, ૧૭૯૨માં નીલકંઠે અયોધ્યાનું પોતાનું ઘર ત્યજીને આ પ્રેરણાદાયી પ્રવાસ શરુ કર્યો હતો. નીલકંઠની યાત્રા ૧૭૯૯માં ગુજરાતના લોજ ગામે પૂરી થઇ હતી. એ દરમ્યાન ભારત પ્રવાસમાં દરેક સ્થળે તેણે લોકોની સેવા કરી હતી. આગળ જતા આ બાળ યોગીએ જ હિમાલયમાં અષ્ટાંગ યોગામાં કૌશલ્ય મેળવ્યું, સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી તથા ૧૮મી સદીના ભારતીય સમાજમાં સુધારાવાદી પરિવર્તનના બીજ રોપ્યા. નીલકંઠ ભગવાન સ્વામિનારાયણ (૧૭૮૧-૧૮૩૦) તરીકે પૂજનીય બન્યા. આજે સ્વામિનારાયણ સંપ્રદાય એક વિશાળ વટવૃક્ષની જેમ દુનિયાભરમાં તેની શાખાઓ ધરાવે છે.

## મિસ્ટીક ઇંડિયાના નિર્માણની ગાથા

ભારત અતિ વિશાળ દેશ છે. આખા યુરોપ જેટલો આ દેશ દુનિયાની લગભગ છઠ્ઠા ભાગની વસ્તી ધરાવે છે. હિમાલયની પર્વતમાળા વચ્ચે સુરક્ષિત ભારત દુનિયાની સૌથી જૂની અને વિશાળ લોકશાહી છે. પર્વતો, નદી, રણ અને વિશાળ જંગલોના આ દેશમાં વિવિધ ભાષાઓ, ઉત્સવો અને રંગબેરંગી પોશાકની હજારો વર્ષ જૂની અદભૂત પરંપરા જોવા મળે છે. ભારતના




















પૂ.આત્મસ્વરૂપ સ્વામી

૧૦૦થી વધુ લોકેશન પર ફિલ્માંકન કરાવેલ મિસ્ટીક ઇંડિયા ફિલ્મમાં પ્રાચીન મંદિરો, મહેલો અને રાજવી કિલ્લાઓની સુંદર ઝાંખી દર્શાવાઇ છે. ૪૫,૦૦૦ જેટલા ઓન કેમેરા એક્સ્ટ્રાની કાસ્ટ સાથે શૂટીંગ કરવાનું મુશ્કેલ હતું પરંતુ ૫૭૦ જેટલા વોલન્ટીઅરોએ આ માટે અથાગ પરિશ્રમ કર્યો હતો. તેમણે મિલિયન જેટલા કલાકો સ્વેચ્છાએ કામ કર્યું હતું. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા ઇન્ક. દ્વારા નિર્મિત આ ફિલ્મનું વિતરણ જાયન્ટ સ્ક્રીન ફિલ્મસ દ્વારા કરાય છે. ફિલ્મના ડાયરેક્ટર કીથ મેલ્ટન અને નેરેટર સર પીટર ઓટૂલે છે. ફોટોગ્રાફી ડાયરેક્ટર રીડ સ્મૂટ, મ્યુઝીક કમ્પોઝર સામ કાર્ડન અને રોનુ મઝમુદાર, પટકથા લેખક મોઝ રીચર્ડ અને સાઉન્ડ ડિઝાઇનર સ્ટીફન ફલીક છે.

પ્રોડ્યુસર બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા યુનાઇટેડ નેશન્સ સાથે સંકળાયેલ ઇન્ટરનેશનલ એનજીઓ છે. વિશ્વભરમાં ૯,૦૦૦ સેન્ટર, ૫૫,૦૦૦ વોલન્ટીઅર્સ અને મિલિયન જેટલા મેમ્બર ધરાવે છે. પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ દ્રઢપણે માને છે કે વિવિધ દેશો અને સંસ્કૃત્તિ વચ્ચે સરહદો ભલે દોરેલી હોય પરંતુ એ બધાની ઉપર સૌથી મોટો ધર્મ માનવતા છે. ભારતની ૮૦૦૦ વર્ષ જૂની સંસ્કૃત્તિના પાયામાં માનવતાને સૌથી વધુ મહત્વ અપાયું છે.

ફિલ્મમાં ભારતના અનેક દુર્લભ સ્થળોનો પરિચય કરાવાયો છે. ઇલોરામાં એક પર્વતમાંથી કૈલાશની કોતરણી કરવામાં ૬ પેઢીને ૧૫૦ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. કેદારનાથ, તાજ, કોનારક, સોમનાથ વગેરેનું સુંદર ફિલ્માંકન કર્યુ છે. નીલકંઠ જ્યારે હરિદ્વાર આવે છે ત્યારે ત્યાં રોજ સાંજે થતી આરતીનું ફિલ્મમાં અદભૂત ચિત્રણ કરાયું છે. પવિત્ર ગંગા નદીના કિનારે દર ૧૨ વર્ષે યોજાતા કુંભ મેળામાં ૭૦ મિલિયન યાત્રીઓ ઉમટે છે. તો ભગવાન જગન્નાથની ૨૫૦૦ વર્ષ પ્રાચીન રથયાત્રામાં મિલિયન જેટલા ભાવિકો જોડાય છે. ફિલ્મમાં અન્નકૂટ મહોત્સવ, દિવાળી, હોળી વગેરે તહેવાર અને તે સાથે જોડાયેલી પરંપરા અંગે વિદેશીઓને પણ રસ પડે તે રીતે સમજ અપાઇ છે. ૧૮ જેટલી ભાષા અને ૧૬૦૦ જેટલી બોલીઓ અને અબજની વસ્તી ધરાવતા ભારતમાં વિવિધતામાં એકતાનું જે દર્શન થાય છે તે આ ફિલ્મ દર્શાવે છે.

મિસ્ટીક ઇંડિયા ફિલ્મ લંડન, પેરીસ, સિંગાપોર જેવા શહેરોમાં હાઉસફુલ જઇ રહી છે. ફ્રાંસમાં લા જીઓદ ખાતે જાન્યુઆરી ૨૦૦૫માં યોજાયેલ ૧૦મા ઇન્ટરનેશનલ લાર્જ ફોર્મેટ ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન આ ડોક્યુમેન્ટરીને ઓડિયન્સ ચોઇસ એવોર્ડ એનાયત થયો હતો. આ ફિલ્મ ધાર્મિક કરતા પણ ભારતનું તાદ્દશ ચિત્રણ રજૂ કરતી એક દસ્તાવેજી ફિલ્મ જેવી વધારે છે. તે સાથે તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો સીંગલ હ્યુમન ફેમીલીનો સંદેશ કલાત્મક રીતે રજૂ થયો છે.

મિસ્ટીક ઇંડિયા ફિલ્મ લંડનમાં સાઉથ કેન્સીંગ્ટન ખાતે સાયન્સ મ્યુઝીયમમાં ( બુકીંગ- ૦૮૭૦ ૮૭૦ ૪૭૭૧) તથા બ્રેડફર્ડમાં નેશનલ મ્યુઝિયમ ઓફ ફિલ્મ એન્ડ ફોટોગ્રાફી ( બુકીંગ- ૦૮૭૦ ૭૦૧ ૦૨૦૦) ખાતે નિહાળી શકાશે.


















*Namaste: Children greet His Royal Highness Prince Charles and his wife, Camilla, The Duchess of Cornwall, to the gala charity screening of Mystic India at the Science Museum in London*

# Empire of the senses

*Hollywood names reduced their dollar rates to rupees, an army of 45,000 volunteers helped to make it and a week ago at a gala charity launch in London, Prince Charles lauded its timeless and eternal values. The new IMAX film Mystic India tells the enduring story of India through the eyes of the young Swaminarayan saint Nilkanth...*

Only 75 minutes long and with a voiceover from screen legend Peter O'Toole and direction from a top Hollywood name, the film *Mystic India* is already something of a sensation.

But not just in that sphere traditionally associated with the ephemeral world of cinematic taste and fashion.

It's a mark of the film's power and scope that it can unite two diverse and conflicting figures such as His Royal Highness Prince Charles and the republican-leaning Mayor of London Ken Livingstone in high praise.

It is a production, say both, that appeals to our deepest senses and sensibilities.

It is the story of one boy's remarkable journey, Neelkanth, an 11-year-old who traverses 8,000 miles of the Indian-sub continent in the 18th century, barefooted and barebodied, and witnesses some of India's greatest spiritual treasures. His journey ends in Loj, Gujarat in 1799 and he becomes enobled as Shajanand Swami, Lord Swaminarayan. His experiences formed the basis of the Swaminarayan sect but the film is not a proselytizing one for Hinduism, or the Swaminaryan sect. It is about human experience, say its admirers.

Shot in the large screen IMAX format (the size of four double decker buses), *Mystic India* aims to capture the vastness of India, in terms of its geography, people and cultures.

The theme of *Mystic India* is simply, unity in diversity, and this itself is developed from the ancient Sanskrit saying that we are all one family.

Prince Charles, who along with his wife Camilla, the Duchess of Cornwall, was the chief guest of the Gala Charity Launch at the Science Museum in London on Tuesday (June 7), said the film like the country itself had left an indelible mark on him.

Speaking after the screening, he said: 'I felt that what we saw this evening, in terms of Mystic India, perhaps should remind us, above all else, of the remarkable contribution that India has always made on the deeper level to

## Mystic India's star attractions

A HOST OF celebrities joined Prince Charles to watch the Royal Charity Premiere of Mystic India in London.

Co-hosted with the Mayor of London, Ken Livingstone, the science museum was turned into a riot of colours.

Dancers and musicians gave the visiting dignitaries a melodious welcome and children from a wide variety of backgrounds greeted special guests with garlands and flowers.

Comedian Rowan Atkinson, pop star Raghav, the first couple of Asian entertainment, Sanjeev Bhaskar and wife Meera Syal, Bombay Dreams star, Preeya Kalidas joined others from the world of business, politics and the performing arts. Former High Commissioner DR LM Singhvi also attended and was singled out by Prince Charles for encouraging him to see the film.



*Entertainment: Musicians play for His Royal Highness Prince Charles and his wife, Camilla, The Duchess of Cornwall before the screening of Mystic India at Science Museum in London*

An exhibition of Indian art and culture graced the exhibition halls at the museum.

The premiere was organised to raise money for the Bharatiya Yuva Shakti Trust (BYST), an Indian charity which helps disadvantaged entrepreneurs realise their dreams. It is modeled on the Prince's own British based business youth trust, which was founded to help fund people get into business from deprived communities.


GG2 Leadership and Diversity Awards 2005 - Nominations forms in this issue - apply now



*World greetings: Children from many of London's different ethnic communities welcome His Royal Highness Prince Charles and his wife, Camilla, The Duchess of Cornwall, to the Charity Gala Charity screening*

civilisation and our consciousness.'

For one volunteer who played his part in making Mystic India, the positive reactions were a triumph.

Hitem Mehta, 26, said: 'We wanted to give people a flavour of India and inspire them to visit the country.

The reaction was great. It made me very proud.'

Prince Charles said the film made him want to travel to India with his new wife and the film showed that we can all learn something from its illustrious and venerable past.

'India's great legacy, and I think what India can teach us in the twenty-first century, is how to blend,' said Prince Charles, ' in a subtle balance and in subtle harmony, the rational and the intuitive.'

If you swap the word intuitive for spiritual in that final sentence, it becomes clear that the film encapsulates a philosophy close to the prince's own and one that, he feels, needs restating.

As human beings we are all interdependent on each other. As the film points out, we share the same sky, the same air, the same sea, the same earth beneath our feet.

It was this sentiment that drew praise from the Mayor London.

The city he represents, has some 300 languages, a myriad of ethnicities and religions and social practices and yet it holds together as one.

Speaking before the screening, he said the film articulated the spirit of diversity and unity that London shares with India and urged Londoners to see it.

'It (the city and the film) works on a basis of tolerance, and tolerance has to be based on knowledge and understanding,' said Livingstone.

Prince Charles went a little further.

Sometimes in the modern world, dominated as it is by technology and science, we sometimes forget that we are spiritual beings, he intimated.

We are beings, said Prince Charles, with feelings, hunches and instincts.

Few can ever be proved or disproved by science.

In his post-screening address Charles pointed out that the film had reminded him of something that had happened during the Tsunami disaster.

'It was the birds and the animals and the traditional people, who at a deeper level, understood and sensed there was something wrong and left the seashore and went to higher ground.'

In other words, timeless traditions such as those spotlighted in Mystic India, contained the kernels of eternal truths.

'It just seems to me that there's an awful lot that we're going to loose if we forget the lessons that we can to learn from India, from this immense tradition, from all the timeless wisdom and knowledge and understanding which has grown up over thousands of years. Please don't let the world loose that, because it is the balance between modernity, and tradition, and the ancient wisdom which actually is going to ensure the survival of all of us, and our grandchildren, and those who come later.'



*Impressed: Mayor of London Ken Livingstone, co-host of the Gala Charity launch, praised the Swaminarayan order and said he was proud of the Neasden Temple*

# Epic scale seduces

A CAST OF over 45,000 was involved in the making of Mystic India and is just one of a number superlatives attached to the making of the film.

No less than a million man hours were devoted free to its production.

It was shot in over 100 locations in India was filmed over a period of some 80 days.



*Celebrating India: Mystic India recreates the character and colour of many of the country's high profile spiritual events*

Director Keith Melton, who made the Bond-themed movie, Licensed to Thrill, was commissioned to direct Mystic India.

His expertise in making large IMAX screen format films brought him to the attention of BAPS and producer Kalpesh Bhatt.

For one volunteer who helped make the film it was the experience of a lifetime.

London-based trainee solicitor Hitem Mehta, 26, said the logistics involved in bringing so many people from a wide range of backgrounds, encapsulated the film's philosophy.

He said it was putting belief into practice.

'In one scene the Rath Yatra (chariot procession), there are 20,000 volunteers – that sort of scale is comparable with Ben Hur (a Hollywood classic made in the 1960s). A lot of different people came together to make this film. That's the message of the film – unity in diversity.'

Despite the film being centred around Neelkanth, the inspiration behind the Swaminarayan faith, Mystic India, does not promote Hinduism, but a spirit of inquiry and a celebration of difference.

Melton said: 'It's amazing how little North America and Europe really knows about India.

'We want audiences to absorb and appreciate the spiritual and philosophical concept of "unity in diversity": that many different cultures, faiths and races, can coexist together and learn from one another. This seems a a particularly resonant theme for the world to absorb these days.'

# Festival favourite

IT HAS already won an international film award and *Mystic India* expected to feature at a number of high profile IMAX events around the globe this year.

Shortly after being released in May in the UK, the film won a public choice award at an IMAX film festival in Paris with the public choosing the best production in a field of five.



*Vision of peace and service: The young Nilkanth contemplates the future in a scene from* Mystic India

In November the Indian version will be released.

The voiceover in Hindi by screen legend Amitabh Bachchan is the only difference to the version that will be released in India.

Presently the film can be seen in the UK at the Science Museum in South Kensington, London. It will run there until August. Mystic India can also be seen at the National Museum of Photography and Television in Bradford. It is expected to be shown in Birmingham in September. In the US, the film is currently being screened in Houston, Texas.



GG2 Leadership and Diversity Awards 2005 - Nominations forms in this issue - apply now

## તંત્રી સ્થાનેથી

# મિસ્ટીક ઈંડિયા • મિસ્ટીક BAPS • મિસ્ટીક સ્વામીશ્રી

મિસ્ટીક ઈંડિયા ફિલ્મ જેમણે નિહાળી તેઓ એક અવાજે કહે છે કે એ અદ્‌ભુત ફિલ્મ છે. ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એ પી જે અબ્દુલ કલામે કહ્યું કે 'અત્યંત સુંદર, નોંધપાત્ર ફિલ્મ છે. બધાં જ બાળકોને એ બતાવવી જોઈએ.' સીંગાપોરના પ્રેસિડેન્ટ એસ આર નાથને જણાવ્યું કે 'મિસ્ટીક ઈંડિયા દર્શાવે છે કે આપણી બધી સાંસ્કૃતિઓ એક સમાન છે.'

આ અદ્‌ભુત ફિલ્મ અંગે આઈડિયા આવ્યા બાદ તેનું પ્રોડકશનમાં રૂપાંતર કરતાં બે વર્ષ લાગ્યા. ફિલ્મનું શુટીંગ કરવા માટે ૧૦૦ જેટલા લોકેશનો નક્કી કરાયાં. તેમાં હિમાચ્છાદિત હિમાલયથી માંડીને ગરમીથી દઝાડતા રણોનો સમાવેશ થયો. સમગ્ર ભારત એમાં આવરી લેવાયું. ૨૦૦ વર્ષ પહેલાંના ભારતનું દર્શન કરાવવાનું કામ સરળ ન હતું. કેટકેટલા વર્ષ રિસર્ચ કરવામાં આવી.

જ્યારે ફિલ્મનું પ્રોડક્શન શરૂ થયું ત્યારે ૧૨૦૦૦ બાળકો એમાં 'લીડ રોલ' કરતા જણાય છે. કુલ કાસ્ટ ૪૫૦૦૦ લોકોનું છે. ૫૭૦ ફુલ ટાઈમ વોલંટીયરોએ ૧૦ લાખ મેન આવર એમાં આપ્યાં. ૧૧ વર્ષનો નીલકંઠ ૭ વર્ષમાં ૮૦૦૦ માઈલ ખુલ્લા પગે ચાલ્યો. એ જ્યાં જ્યાં ગયો તે સ્થાન ફિલ્મમાં આવરી લેવાયું. અને એક અદ્‌ભુત ફિલ્મ તૈયાર થઈ. એનો મુખ્ય સંદેશ છે- 'યુનિટી ઈન ડાયવર્સીટી,' 'ભિન્નભિન્ન સંસ્કૃતિઓ હોવા છતાં આપણે સહુ એક છીએ.'

એમાં જે ભારતનું દર્શન કરાવાયું છે, ભારતના પર્વો, ઉત્સવો, લગ્ન અને બીજા સંસ્કારોની વિધિ, વિવિધ પ્રાંતના લોકો વગેરેનું દર્શન ભારતની મહાનતા રજૂ કરે છે. આપણે એ મહાન અને ભવ્ય સંસ્કૃતિના વારસદારો છીએ તે દર્શાવે છે અને આપણને ગૌરવ લેતાં કરે છે. ભારત પ્રાચીન સંસ્કૃતિનો દેશ છે. એનું આર્કિટેક્ચર ભવ્ય છે. એના મહાન ઉત્સવો, પરંપરાઓ, અદ્‌ભુત લોકો અને ભવ્ય દર્શન ખરે જ અદ્‌ભુત છે. આ 'મિસ્ટીક ઈંડિયા' ફિલ્મ બનાવવાનો સૌપ્રથમ વિચાર જેમને સ્ફૂર્યો હશે તેમને સાચે જ અભિનંદન ઘટે છે.

સ્વામિનારાયણ ભગવાન સ્વધામ પધાર્યા તેને ૧૭૫ વર્ષ જેઠ સુદ દશમે (૧૭મી જૂને) સંપન્ન થાય છે. તે વેળા તેમને મહાન અંજલિ અર્પતી, તેમના ૭ વર્ષના ભારત દર્શનની મિસ્ટીક ઈંડિયા તૈયાર કરવાનો મૂળ વિચાર પૂર્ણ સ્વરૂપે રજૂ કરવાની પ્રેરણા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ પાસેથી પ્રાપ્ત થયા હશે. અને એમના માર્ગદર્શન હેઠળ આ મિસ્ટીક ઈંડિયા તૈયાર થઈ. ૨૯મી જૂન ૧૭૯૨ના ૧૧ વર્ષના નીલકંઠે અયોધ્યા ખાતેના ગૃહેથી મહાભિનીષ્ક્રમણ કર્યું. ૭ વર્ષ ખુલ્લા પગે અને ખુલ્લા દેહે સતત વિચરતા રહ્યા. ૮૦૦૦ માઈલ ચાલ્યા. હિમાલય પણ મનન કર્યું. અષ્ટાંગ યોગ પર પ્રભુત્વ મેળવ્યું અને ૧૮મી સદીના ભારતમાં ધાર્મિક - સામાજીક સુધારા કરવા એમણે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. એમની એ યાત્રામાં તે કાળના ભારતનું દર્શન કરાવાયું. નીલકંઠ વિશ્વ પર વિજય મેળવવા નહીં પણ પોતા પર વિજય મેળવવા, પોતાની ઈચ્છાઓ પર કાબૂ મેળવવા અને શાંતિપૂર્ણ રીતે જીવન જીવવા, શૌર્યવાન સાથે સહિષ્ણુ બનવા, પ્રેમ અને બલિદાન વિષે જાણવા મહાન યોગીઓના સંપર્કમાં આવ્યા. એ બધું રજૂ કરવાની અનુપમ દૃષ્ટિ અભિનંદનીય છે.

આ મહાન ફિલ્મને મૂર્ત સ્વરૂપ આપવાનું અદ્‌ભુત કાર્ય થયું છે. કેટ કેટલા લોકો, તેમના વસ્ત્રોની વિવિધતા અને તે કાળનું વાતાવરણ તૈયાર કરવાનું કૌશલ્ય એ માટે જરૂરી પ્રોફેશનાલીઝમ અને વોલંટીયરોનું સમર્પણ ફિલ્મનું સુશ્રાવ્ય સંગીત, અને સરળતાથી વહેતી કથા તૈયાર કરવાનું કામ ભગીરથ છે. આ ભગીરથ કાર્ય BAPS સંસ્થા, તેના ઉચ્ચ સંતો, તેના નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા હજારો સ્વયંસેવકો અને હરિભક્તો પણ અભિનંદનીય છે. તેથી જ કહીએ કે મિસ્ટીક ઈંડિયાના ભવ્ય સર્જનમાં જેની શક્તિ અને ભક્તિ છે તે સંસ્થા BAPS અને સૌના પ્રેરણાદાતા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ ખરે જ મિસ્ટીક - અદ્‌ભુત છે. આ મહાન ફિલ્મ તૈયાર કરીને એમણે સહુ ઈંડિયનોને ગૌરવાન્વિત કર્યા છે. તે માટે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.